અગત્યનું

ક્રમાંક:/મઉમશબ/સંશોધન/૨૦૧૯/૩૧૬-૩૫૦
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૮/૦૧/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- માન. શિક્ષણમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે યોજાનાર પ્રેરક વક્તવ્યના BISAG મારફતે પ્રસારણ બાબત.

સંદર્ભ:- અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:/મઉમશબ/સંશોધન/૨૦૧૯/૮૦-૧૧, તા.૦૯/૦૧/૨૦૧૮

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભ દર્શિત પત્ર તરફ આપનું ધ્યાન દોરીને જણાવવાનું કે ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા તા.૦૭/03/૨૦૧૯થી શરુ થનાર છે. આ પરીક્ષા સંદર્ભે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને માર્ગદર્શન મળે તે હેતુથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા **તા.૨૪/૦૧/૨૦૧૯ના રોજ ૧૧:30 કલાકે** BISAGના માધ્યમથી વંદે ગુજરાત ચેનલ પર માન. શિક્ષણમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાનાર પ્રેરક વક્તવ્યના કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં માન. શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ શ્રી સાંઈરામ દવે પ્રેરક વક્તવ્ય આપશે. શાળા કક્ષાએ ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ શાળાના આચાર્યશ્રીઓ અને શિક્ષકશ્રીઓ આ પ્રસારણ નિહાળે તે માટે આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ કરશો.

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-
- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,ગાંધીનગર.
- ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, વડોદરા.

નકલ રવાના :-
- સચિવશ્રી, ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- પરીક્ષા સચિવશ્રી(સા.પ્ર./વિ.પ્ર.), ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

E:\HK-\BISAG\2019\પત્ર DEO mahanubhavo na prerak vaktvy - Copy.docx